# dfdfબનાસકાંઠા જિલ્લો




- ❖ બનાસકાંઠા એ ગુજરાતનો સૌથી ઉત્તરે આવેલ જિલ્લો છે.
- ❖ સીમાઓ:-બનાસકાંઠાની ઉત્તરે રાજસ્થાન રાજ્ય, પૂર્વમાં સાબરકાંઠા અને મહેસાણા જીલ્લો, દક્ષિણમાં પાટણ જીલ્લો તથા પશ્ચિમમાં કચ્છનું મોટું રણ આવેલું છે.
- ❖ ક્ષેત્રફળ :- ૧૦,૭૫૧ચો. કિમી.
- ❖ સ્થાપના :-તા.૧/૫/૧૯૬૦
- ❖ વિધાનસભાનીકુલસીટો:- ૯{વાવ,થરાદ,ધાનેરા,દાંતા(એસ.ટી.),વડગામ(એસ.સી),પાલનપુર,ડીસા,દિયોદર અને કાંકરેજ }
- ❖ વસ્તી :- ૩૧,૧૬,૦૪૫ (૨૦૧૧)
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ સાક્ષરતા :- ૬૫.૩૨%
- ❖ સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૯૩૮ (દર હજારે)
- ❖ વસ્તી ગીચતા :-૨૯૦ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- ❖ મુખ્ય મથક :- પાલનપુર( પ્રાચીન નામ પ્રહલાદનપુર )

- શહેરો :- પાલનપુર,ડીસા,અંબાજી થરાદ, દાંતીવાડા, નડાબેટ અને ધાનેરા
- ગામડાઓ :- ૧૨૪૯
- ગ્રામ પંચાયત :-
- આરટીઓ નંબર :-**GJ-08**
- તાલુકા :- ૧૪**(1)** પાલનપુર**(2)** થરાદ**(3)** ધાનેરા**(4)** ડીસા**(5)** દિયોદર **(6)** કાંકરેજ**(7)**દાંતીવાડા**(8)** વડગામ **(9)** ભાભર**(10)** સુઇગામ **(11)** લાખાણી **(12)** અમીરગઢ , **(13)** વાવ , **(14)** દાંતા
- તાલુકા પંચાયતની કુલ સીટો અને વોર્ડ :-
- જિલ્લા પંચાયતની કુલ સીટો :-
- નગર પાલિકાની સંખ્યા અને વોર્ડ :- ૨
  (ડીસા-૧૧(૪૪) અને પાલનપુર-૧૧(૪૪)
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- સંસ્થાઓ :- સરદાર પટેલ એગ્રીકલ્ચર યુનિવર્સિટી (દાંતીવાડા), લોકનિકેતન ગ્રામવિદ્યાપીઠ (રતનપુર) , નૂતન ગ્રામવિદ્યાપીઠ(મડાણા ગઢ)
- સંશોધન સંસ્થાઓ :- બટાકા સંશોધન કેન્દ્ર (ડીસા), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , કઠોળ સંશોધન કેન્દ્ર (દાંતીવાડા)
- નદીઓ :- સિધુ, બનાસ, સરસ્વતી, અર્જુની, સાબરમતી અને બાલારામ,સીપુ
  બનાસ નદીનું પ્રાચીન નામ પર્ણસા છે.
- જળાશય (ડેમ) :- સીપુ ડેમ અને બનાસ ડેમ,( બંને બનાસ નદી પર આવેલ છે.) દાંતીવાડા ડેમ,(બનાસ નદી) મુક્તેશ્વર ડેમ (સરસ્વતી નદી)
- જળ સિંચાઈ યોજના :- દાંતીવાડા સિંચાઈ યોજના (બનાસ નદી)
- તળાવ અને સરોવર :- ગંગા સરોવર , બાલારામ અને માન સરોવર(પાલનપુર) ,દાંતીવાડા જળાશય
- મુખ્ય પાકો :- બટાકા, બાજરી, જીરૂં, ઇસબગુલ, જુવાર, તલ, ઘઉં, તમાકુ
- ઉદ્યોગો :- બનાસ ડેરી (પાલનપુર) જેના સ્થાપક ગલબાભાઈ પટેલ હતા. અત્તર ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, હીરા ઘસવાનો ઉદ્યોગ, અમીરગઢમાં સિમેન્ટ ઉધોગ વિકસ્યો છે.
- પર્વતો :- આરાસુરના ડુંગરો, અરવલ્લીની પર્વતમાળાની ટેકરીઓ,ગુરૂનો ભાખરો ડુંગર,દાંતાનો ડુંગર માતાનું મંદિર, ગબ્બરનો ડુંગર, ચીક્લોદર
- ટેકરીઓ :- જેસોરની ટેકરીઓ
- ખનીજ :- આરસના પથ્થરો, લાઈમસ્ટોન, તાંબુ, કેલ્સાઈટ, વુલેસ્ટોનાઈટ, જસત મળે છે. આરસના પથ્થરો માટે આરાસુર ની ખાણ જાણીતી છે.

www.gnanbhandar.com

- ❖ અભયારણ્ય :- જેસોર રીંછ અભ્યારણ્ય(રતનમહાલ) (ધાનેરા-1978), બાલારામ રીંછ અભયારણ્ય(ઇકબાલગઢ)
- ❖ રાજ્યકક્ષાનું વન:- માંગલ્ય વન (૨૦૦૫) (અંબાજી)
- ❖ વિદ્યાપીઠ :-
    - ➤ નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ, મડાણાગઢ
    - ➤ બનાસગ્રામ વિદ્યાપીઠ, અમીરગઢ
    - ➤ લોકનિકેતન ગ્રામ વિદ્યાપીઠ,રતનપુર
    - ➤ સધન મહિલા ગ્રામ વિદ્યાપીઠ, ચિત્રાસણી
    - ➤ સાબરગ્રામ વિદ્યાપીથ્મ સણોસણ
- ❖ જોવાલાયક સ્થળો :- પ્રાકૃતિકધામ,બાલારામ અને જેસોર તીર્થસ્થળો છે, ધરણીધર મંદિર,કોટેશ્વર મંદિર , અંબાજી, કુંભારિયા, નડેશ્વરમાતાનું મંદિર નડાબેટ, દાંતીવાડા,કોટેશ્વર મહાદેવનું મંદિર (બાલારામ)
- ❖ રાષ્ટ્રીય ધોરી માર્ગ :- ૧૪ (નવો નંબર ૨૭) તથા માર્ગ નં.-૧૫ (નવો નંબર ૬૮) પસાર થાય છે.
- ❖ નૃત્ય :- મેરાયો નૃત્ય

<u>વિશેષ નોંધ :-</u>

- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન

- ➡ બનાસકાંઠા જીલ્લો સૌથી વધુ ગામડા અને તાલુકા ધરાવતો જીલ્લો છે.
- ➡ બનાસકાંઠા ઘાસના મેદાન માટે જાણીતું છે.
- ➡ પાલનપુર હીરા ઉદ્યોગ અને અત્તર ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.
- ➡ પાલનપુર બગીચાઓનું શહેર, ફૂલોનું શહેર તથા અત્તરનું શહેર તરીકે ઓળખાય છે.
- ➡ રાણાપ્રતાપ વડ તરીકે ઓળખાતો વડ આ જિલ્લામાં આવેલ છે.
- ➡ ડીસામાં બટાટાનો પાક પુષ્કળ થાય છે.તેથી તે બટાકાનગરી તરીકે પણ ઓળખાય છે.
- ➡ બટાટા સંશોધન કેન્દ્ર ડીસામાં આવેલ છે.
- ➡ પાલનપુરમાં આવેલી સાબર ડેરીની સ્થાપના ભોળાભાઈ ખોડીદાસ પટેલે કરી હતી.
- ➡ ઢીમા પશુમેળા માટે પ્રખ્યાત છે. ત્યાં ધરણીધરનું મંદિર છે.
- ➡ ડીસા, વાવ, થરાદ, ખેતી અને વેપારના મુખ્ય કેન્દ્રો છે.
- ➡ વાવ તાલુકાના રાધાનેસડા ગામે ગુજરાતનો સૌથી મોટો સોલાર પાર્ક તૈયાર થઈ રહ્યો છે.
- ➡ જિલ્લામાં સ્ત્રી પુરૂષ સાક્ષરતા વચ્ચે સૌથી મોટું અંતર છે.

www.gnanbhandar.com

- બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકાનાં ઠાકોરોનું લોકનૃત્ય ‘ મેરાયો’ છે.સરખડ અથવા ઝૂંઝાળી નામના ઘાસમાંથી તોરણ જેવાં ઝૂમખાં ગૂંથીને મેરાયો બનાવવામાં આવે છે.હૂડલા એ આ વિસ્તારનું શૌર્યગાન છે.
- આ જિલ્લામાં ખેતી હેઠળની જમીન સૌથી વધુ છે.
- કાંકરેજ તાલુકો વઢિયાણી ભેંસ અને ગાયો માટે જાણીતો છે.
- ગુજરાતમાં સૌથી વધુ બાજરીનું ઉત્પાદન આ જિલ્લામાં થાય છે.
- શક્તિ સંપ્રદાયનું ગુજરાતનું સૌથી મોટું અને પ્રાચીન તીર્થધામ જગ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાતાનું મંદિર, અંબાજી ખાતે આવેલ છે. અંબાજી મંદિરે માતાજીની પ્રતિમાને બદલે વિશેષયંત્રોની પૂજા થાય છે.
- અંબાજીમાં કાળિયાભૂતનો મેળો યોજાય છે.
- અંબાજીનું મૂળ સ્થાનક નજીકમાં આવેલા ગબ્બરપર્વત પર આવેલું છે.
- ગુજરાતનું પ્રથમ કેશલેસ દાન સ્વીકારનાર મંદિર તરીકે અંબાજી બન્યું છે.
- મગરવાડામાં ૧૦૦૦ વર્ષ જુનું માણીભદ્ર જૈન તીર્થસ્થાન આવેલું છે.
- બાલારામમાં ચંદનના વૃક્ષો જોવા મળે છે.
- અંબાજીમાં આરસ,સીસું અને તાંબાની ખાણો આવેલી છે.
- દાંતા અને પાલનપુરની વચ્ચે જેસોર ટેકરીઓ આવેલી છે.
- ગુજરાતની સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ઈ.સ. ૧૯૭૩માં દાંતીવાડા ખાતે કરવામાં આવી હતી.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગુજરાતમાં સૌથી વધારે ઘાસચારો બનાસકાંઠા જીલ્લામાં થાય છે.
- ગુજરાતમાં સૌથી વધુ બાજરીનું ઉત્પાદન કરતો જિલ્લો બનાસકાંઠા છે.
- ગુજરાતનો સમશીતોષણ કટિબંધ ધરાવતો એકમાત્ર બનાસકાંઠા જિલ્લો છે.
- વુલેસ્ટોનાઈટ ખનીજ મળી આવતું હોય તેવો એકમાત્ર બનાસકાંઠા જિલ્લો છે.
- ચંદનના વૃક્ષોનું વન ધરાવતું સ્થળ બાલારામ આ જીલ્લામાં આવેલ છે.
- ઇમારતી લાકડા માટેનું વ્યાપાર કેન્દ્ર પાલનપુર તાલુકાના આહવા ખાતે આવેલું છે.
- અંબાજી નજીક આવેલા કુંભારિયાના જૈન મદિરો વિમલમંત્રીએ બંધાવ્યા હતા છે.
- સૌથી વધુ તાલુકા ધરાવતો જીલ્લો બનાસકાંઠા છે જે 14 તાલુકા ધરાવે છે.
- ગુજરાતમાં સૌથી વધુ ગામડાઓ ધરાવતો જીલ્લો બનાસકાંઠા છે.
- ગુજરાતની સર્વપ્રથમ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા ખાતે આવેલ છે. (૧૯૭૩માં)

www.gnanbhandar.com

- દેશ અને દુનિયાના કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર અંબાજીધામ ગુજરાતનું સૌપ્રથમ ISO9001:2015 સર્ટીફિકેટ ધરાવતું પવિત્ર યાત્રાધામ બન્યું છે .

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન

www.gnanbhandar.com